EDII

Gujarat Samachar (Suppl.: Plus)

February 22, 2019

Pg.No.1

# 40% સ્ટાર્ટઅપ શરૂઆતના ત્રણ વર્ષમાં જ બિઝનેસમાં ફેલ થાય છે



## સ્ટાર્ટઅપ યોજનાની માહિતી એન્ટરપ્રિન્યોરે મેળવવી જોઈએ

સ્ટાર્ટઅપ બિઝનેસને પ્રમોટ કરવા માટે સરકાર દ્વારા પણ સહાયક યોજનાઓની જાહેરાત કરાઈ છે. જેમાં ઘણી યોજનાઓની જાણકારી સ્ટાર્ટઅપ એન્ટરપ્રિન્યોર પાસે ન હોવાથી યોજનાઓનો લાભ મળતો નથી. તેથી દરેક એન્ટરપ્રિન્યોરે બિઝનેસ શરૂ કરતા પહેલા રાજ્યની સ્ટાર્ટઅપ વિશેની યોજાનાઓ અને ગાઈડલાઈનની જાણકારી મેળવવી જોઈએ.

## EDII દ્વારા એન્ટરપ્રિન્યોરશિપ પર ત્રિદિવસીય કોન્ફરન્સનું આયોજન

એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ત્રિદિવસીય કોન્ફરન્સનું આયોજન કરાયું છે, જેમાં એન્ટરપ્રિન્યોરશિપ વિશેની માહિતીની આપ-લે કરાઈ હતી. કોન્ફરન્સમાં ચીફ ગેસ્ટ રહેલા ડૉ. વી.જી. પટેલે કહ્યું કે, સ્ટાર્ટઅપ માટેની ઈકો સિસ્ટમમાં સુધાર લાવવાની જરૂર છે. કારણ કે, બિઝનેસ શરૂ કર્યાના ત્રણ વર્ષના સમયગાળામાં ૪૦ ટકા સ્ટાર્ટઅપ બંધ થાય છે. જેની અસર સામાજિક અને આર્થિક રીતે પણ જોવા મળી શકે છે. સ્ટાર્ટઅપ ફેલ થવાના ઘણા કારણો છે. જેમાં બિઝનેસના વિષય વિશે ઓછું નોલેજ, મેનેજમેન્ટની સ્કિલનો અભાવ, બિઝનેસ પ્લાનનો અભાવ જેવા કારણોને સમાવેશ થઈ શકે છે. આ ઉપરાંતના કારણો પણ હોય છે. પરંતુ ફેલ થતા બિઝનેસની ટકાવારી કેવી રીતે ઘટાડી શકાય તે વિશે દરેક ઈન્સ્ટિટ્યૂટશને વિચારવું જોઈએ.

## સ્ટાર્ટઅપ બિઝનેસનો આધાર યોગ્ય રિસર્ચ પર છે

કોન્ફરન્સનું આયોજન સ્ટાર્ટઅપ બિઝનેસને સપોર્ટ આપવા માટે અને નવા એન્ટરપ્રિન્યોરને બિઝનેસની સમજ આપવા માટે કરાયું છે. સ્ટાર્ટઅપ બિઝનેસને માર્કેટમાં સર્વાઈવ કરવા માટે રિસર્ચની ખૂબ જરૂર હોય છે. કારણ કે, તેના દ્વારા જ એન્ટરપ્રિન્યોરને માર્કેટની સમજ આવી શકે છે અને કેવી પ્રોડક્ટ લોન્ચ કરી શકાય તેની માહિતી મળી શકે છે. ઉપરાંત ઘણી વખત પોઝિટિવીટીની પણ જરૂરીયાત હોય છે. **- ડૉ. સશી મિશ્રા**

## સ્ટાર્ટઅપ બિઝનેસ ઈકોનોમીને મજબુત બનાવવામાં મદદરૂપ છે

વર્તમાન સમયમાં બિઝનેસમાં આવેલા બદલાવોના કારણે એન્ટરપ્રિન્યોરશિપમાં પણ બદલાવ આવ્યા છે. જેના કારણે રિસર્ચરે તેમના રિસર્ચની પેટન્ટ કરાવવી જોઈએ અને તેનો ઉપયોગ બિઝનેસ માટે કરવો જોઈએ. સ્ટાર્ટઅપ બિઝનેસ દેશની ઈકોનોમીને મજબુત બનાવમાં મદદરૂપ છે. નવા સ્ટાર્ટઅપ આઈડિયા અને નવી ટેકનોલોજીની માગ વિશ્વમાં સતત રહેવાની છે. ઉપરાંત યુવાનોમાં પણ ઘણુ ટેલેન્ટ રહેલું છે.

**- ડૉ. સુનિલ શુક્લા, ડિરેક્ટર ઇડીઆઇઆઇ**